# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-07-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## <u>પ્રધાનમંત્રી-નિયુક્તિ પત્રો:</u>

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિડીયો કોન્ફરન્સીંગના માધ્યમથી વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં નવ નિયુક્ત યુવાનોને 51 હજાર થી વધુ નિયુક્તિ પત્ર પ્રદાન કરશે. આ અવસરે પ્રધાનમંત્રી તેમને સંબોધિત પણ કરશે.**

**અત્રે ઉલ્લેખનીય છે કે, 16મો રોજગાર મેળો સમગ્ર દેશમાં 47 સ્થળે યોજાઈ રહ્યો છે. કેન્દ્ર સરકારના કેટલાક મંત્રાલયો અને વિભાગો માટે ભરતી કરવામાં આવી રહી છે.**

**-------------------------------------------------------------------------------------------------**

## <u>અજિત ડોભલ-IIT મદ્રાસ:</u>

**રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે કહ્યું, ભારત સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઓપરેશન સિંદૂર પાર પાડવામાં સફળ રહ્યું. તેના કારણે પાકિસ્તાનમાં આવેલા નવ આતંકી ઠેકાણાઓને નેસ્તનાબૂદ કરાયા.**

**ગઈકાલે IIT મદ્રાસના 62મા પદવીદાન સમારોહમાં તેમણે કહ્યું હતું કે ભારતીય સૈન્ય પાસે ઓપરેશન સિંદૂર દરમિયાન યુદ્ધના મેદાનમાં બ્રહ્મોસ, સંકલિત હવાઈ કમાન્ડ સિસ્ટમ્સ અને રડાર જેવી અત્યાધુનિક સ્વદેશી ટેકનોલોજી હતી.**

**-------------------------------------------------------------------------------------------------**

## સંયુક્ત સંસદીય સમિતિ-એક દેશ, એક ચુંટણી:

એક દેશ, એક ચૂંટણી પર સંયુક્ત સંસદીય સમિતિની ગઈકાલ નવી દિલ્હીના સંસદ ભવનમાં બેઠક યોજાઈ. 39 સભ્યોની સમિતિમાં લોકસભાના 27 સભ્યો અને રાજ્યસભાના 12 સભ્યોનો સમાવેશ થાય છે. આ બેઠક 129મા બંધારણ સુધારા વિધેયક, 2024 અને કેન્દ્રશાસિત પ્રદેશ કાયદા સુધારા વિધેયક ૨૦૨૪ની વ્યાપક સમીક્ષાના ભાગ રૂપે યોજાઈ હતી, જેનો ઉદ્દેશ્ય લોકસભા અને રાજ્ય વિધાનસભાઓની એક સાથે ચૂંટણીઓ યોજવાનો છે.

---

## કેન્દ્રીય શિક્ષણ રાજ્યમંત્રી-નર્મદા કેવડિયા :

કેન્દ્રીય શિક્ષણ રાજ્યમંત્રી ડૉક્ટર સુકાંત મજુમદારે કેન્દ્રીય વિશ્વ-વિદ્યાલયોના કુલપતિઓને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ને મુખ્ય પ્રવાહમાં લાવવા મુખ્ય પગલા લેવા હાકલ કરી. તેમણે કુલપતિઓને દેશના બૌદ્ધિક ભાગ્યના મશાલવાહક પણ ગણાવ્યા. નર્મદાના કેવડિયામાં કેન્દ્રીય વિશ્વ-વિદ્યાલયોના 2 દિવસના સંમેલનના સમાપન સમારોહમાં શ્રી મજુમદારે આ વાત કહી.

શિક્ષણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- 2020ના અમલીકરણના પાંચ વર્ષ નિમિત્તે યોજાયેલા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સાથે વ્યૂહાત્મક ગોઠવણી, જ્ઞાન વિનિમય, આગામી આયોજન અને તૈયારી પર કેન્દ્રીત ચર્ચા થઈ.

---

## રાજ્ય-ધોરણ 12 પુરક પરીક્ષા પરિણામ:

રાજ્યમાં જૂન-જુલાઈ મહિનામાં લેવાયેલી ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ આજે સવારે આઠ વાગ્યે જાહેર કરાશે. વિદ્યાર્થીઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શિક્ષણ બૉર્ડની વેબસાઈટ WWW.GSEB.ORG પર પોતાનું પરિણામ જોઈ શકશે. ઉપરાંત વિદ્યાર્થીઓ વ્હૉટ્સ ઍપ નંબર 63573000971 પર પણ પોતાનો પૂરક પરીક્ષા

**2025નો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે, તેમ શિક્ષણ બોર્ડની યાદીમાં જણાવાયું છે.**

---------------------------------------------------------------------------------------------

## વાહન વ્યવહાર રાજ્યમંત્રી-નિમણુંક પત્રો:

વાહનવ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, વર્ષ 2027 પહેલા રાજ્યમાં દરરોજ 30 લાખ મુસાફરો એસ. ટી. બસની સવારી કરી શકે તે પ્રકારની વ્યવસ્થા કરાશે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે એસ. ટી. નિગમના કંડક્ટર કક્ષાના ઉમેદવારો અને પાણી પૂરવઠા વિભાગના વિવિધ સંવર્ગના અધિકારીઓના નિમણૂકપત્ર એનાયત સમારોહમાં શ્રી સંઘવીએ આમ જણાવ્યુ હતું.

---------------------------------------------------------------------------------------------

## રાજ્ય પોલીસ વડા-કચ્છ મુલાકાત:

કચ્છના એક દિવસના પ્રવાસે આવેલા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે ગઈકાલે કાયદો અને વ્યવસ્થાના અનુસંધાને સામાન્ય લોકોની રજુઆત સાંભળી હતી અને સમસ્યાઓ પ્રત્યે તંત્ર દ્વારા યોગ્ય કરવાની ખાત્રી આપી હતી. આ અગાઉ શ્રી સહાયે વિવિધ પોલીસ મથકનું વાર્ષિક નિરિક્ષણ કર્યુ હતું તેમજ ઓપરેશન સિંદુર દરમ્યાનની કામગીરીની વિગતો મેળવી હતી. તેમણે સ્થાનિક અધિકારીઓ સાથે બેઠક યોજી જીલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની માહિતી મેળવી હતી.

---------------------------------------------------------------------------------------------

## કચ્છ-જોખમી પુલો- જાહેરનામા:

કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ ભુજ દ્વારા જીલ્લાના અતિ જર્જરીત અને જોખમી એવા લખપત કોટેશ્વર વચ્ચે આવેલો કનોજ બ્રીજ તેમજ ભુજ-મુંદરા વચ્ચેના બાબીયા તથા બરાયા એમ બે પુલ સલામતીના કારણોસર ભારે વાહનોની અવર જવર માટે બંધ

કરવામાં આવ્યો છે. આ દરમ્યાન વાહનોની અવર જવર માટેના વૈકલ્પિક રસ્તા અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ છે.

---

## કચ્છ-મતદારયાદી સુધારણા:

ભારતના ચુંટણી આયોગ દ્વારા તારીખ પેલી જાન્યુઆરી 2026ની લાયકાતના સંદર્ભમાં મતદાર યાદીનો ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ જાહેર કરાયો છે. જે અંગે મતદાન મથકોના પુર્નગઠનની કામગીરી હાથ ધરવામાં આવી છે. જીલ્લામાં ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં મહત્તમ એક હજાર બસો મતદારોની મર્યાદા ધ્યાને લઈને મતદાન મથકોની પ્રાથમિક સુધારા યાદી તૈયાર કરી બહાર પાડવામાં આવી છે.

---

## કચ્છ-હિંડોળા મહોત્સવ:

આજથી હિંડોળા મહોત્સવનો આરંભ થાય છે કચ્છમાં વૈષ્ણવ સંપ્રદાય અને સ્વામી નારાયણ સંપ્રદાયના મંદિરોમાં અષાઢ માસની કૃષ્ણ પક્ષની બીજથી શ્રાવણ માસની કૃષ્ણ પક્ષની બીજ સુધી એક માસ આ મહોત્સવ ઉજવાય છે. વિવધ મંદિરોમાં દરરોજ યોજાતા કલાત્મક હિંડોળા જોવા ભક્તો ની ભીડ ઉમટી પડશે.

---

## ક્રિકેટ-ભારત ઈંગલેન્ડ-ત્રી ટેસ્ટ શ્રેણી:

પ્રવાસી ભારત અને ઈંગલેન્ડ વચ્ચે લોર્ડના મેદાન ખાતે રમાઈ રહેલી પ્રવર્તમાન શ્રેણીની ત્રીજી ટેસ્ટ મેચના ગઈકાલે ત્રીજા દિવસે ઈંગલેન્ડનો પ્રથમ દાવ 387 રનમાં પુરો થયો હતો. જવાબમાં ભારતે ત્રણ વિકેટ ગુમાવી 145 રન કર્યા હતા. ભારતના જસપ્રીત બુમરાહે 5 વિકેટ મેળવી હતી.

---